**સમરી નં.510/2004**

**આંક–૧ લગત હુકમ**:–

આ કેસની હકીકતો વંચાણે લેતા એ જણાય છે કે તપાસનીશ અધિકારીએ વટવા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૫૧૦/૨૦૦૪ થી નોંધાયેલ ગુન્હા સંબંધે વર્ગ-સી સમરી રીપોર્ટ રજૂ કરેલ છે. સદરહું રીપોર્ટ અનુસંધાને આ કામના ફરિયાદી ને આ અદાલત દ્વારા આંક– ૨ ની નોટીસ કાઢવામાં આવેલ હતી, જે નોટીસ ફરિયાદીને વગર બજે પરત આવેલ છે.

તપાસનીશ અધિકારીએ રજૂ કરેલ વર્ગ-સી સમરી રીપોર્ટ હકીકતો ધ્યાને લેતા તેમજ ફરિયાદી પોતે કરેલ ફરિયાદના અનુસંધાને વાંધા રજૂ કરવા હાજર રહેતા ન હોય તેમજ તેઓને કાઢવામાં આવેલ નોટીસ પણ વગર બજે પરત આવેલ હોય અને કેસ સને–૨૦૦૪ નો હોય, હાલનો વર્ગ-સી સમરી રીપોર્ટ ફરિયાદીના વાંધાઓની ગેરહાજરીના કારણે સ્વીકાર કરવામાં આવે છે અને રીપોર્ટ દફતરે કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૧૩મી માહે–મે સને–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩

( કમલેશ એન.પ્રજાપતિ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ જીજે–૦૦૮૮૬)